( २ )

# अर्हत्‌ना ३४ अतिशयो विशे

- मुनि त्रैलोक्यमण्डनविजय

हमणां पूज्य गुरुभगवन्त आ. श्रीविजयशीलचन्द्रसूरिजी महाराजे पोताना संग्रहमांथी, चोत्रीस अतिशयोने वर्णवती अेक कृति प्रतिलिपि करवा माटे मने आपी. मुनि भक्तिविजय शास्त्रसंग्रह(जैन आत्मानन्द सभा) भावनगर-नं. १०४६/१नी प्रतनी अे फोटोकोपी हती. प्रतिलिपि दरमियान शुद्धीकरण माटे समवायाङ्ग सूत्र जोयुं तो ख्याल आव्यो के कृतिमां मूकायेलां ३४ सूत्रो अने तेमनो स्तबकार्थ अनुक्रमे समवायाङ्गगत चतुस्त्रिंशत्स्थानक अने तेनी अभयदेवसूरिजी कृत टीकानुं थोडुंक अशुद्ध अनुलेखन मात्र छे. मतलब के आ कृति कोई स्वतन्त्र रचना नथी, पण उतारो ज छे अने तेथी तेनुं सम्पादन-प्रकाशन करवानुं रहेतुं नथी. पण आ सन्दर्भे अर्हत्‌ना ३४ अतिशयो अंगे जे थोडीक वातो विचारवा जेवी लागी ते अहीं नोंधवी छे.

आपणे त्यां अत्यारे ३४ अतिशयो नीचे मुजब गणावाय छे.

**४ जन्मजात अतिशयो**

१. प्रभुनुं शरीर नीरोगी अने निर्मल होय छे, अद्भुत रूप धरावतुं होय छे.

२. श्वासोच्छ्वास कमल जेवो सुगन्धी होय छे.

३. लोही अने मांस - गायना दूध जेवा सफेद अने दुर्गन्ध रहित होय छे.

४. आहार अने नीहार चर्मचक्षुथी अदृश्य होय छे.

**११ कर्मक्षयथी थनारा अतिशयो**

x[१]५. समवसरणमां अेक योजन जेटली जग्यामां ज करोडो करोडो देव, मनुष्य अने तिर्यंचो रही शके.

६. अर्द्धमागधीमां देशना आपे. अे देशना देव, मनुष्य अने तिर्यंचोने

१. आ निशानी करेला अतिशयो समवायाङ्गजीमां नथी.

पोतपोतानी भाषामां समजाय. अेक योजन सुधी अे देशना संभळाय.

७. मस्तकनी पाछळ भामण्डल सर्जाय.

८. रोग न थाय. (आ अने हवे पछीना ७ अतिशयो '१२५ योजन सुधी' समजवाना छे.)

९. वैरभाव न थाय.

१०. उपद्रव न थाय.

११. मारि न थाय.

१२. अतिवृष्टि न थाय.

१३. अनावृष्टि न थाय.

१४. दुर्भिक्ष न पडे.

१५. पोताना के बीजाना देश के राजा तरफथी भय न आवे.

**देवकृत १९ अतिशय**

१६. आकाशमां धर्मचक्र चाले.

१७. आकाशमां चामर वींझाता रहे.

१८. आकाशमां पादपीठिकासहित उज्ज्वल स्फटिकमय सिंहासन होय.

१९. आकाशमां त्रण छत्र होय.

२०. आकाशमां रत्नमय ध्वज होय.

x२१. सुवर्णकमल उपर ज पग मूके.

x२२. सुवर्ण, रौप्य अने रत्नमय त्रण गढवाळुं समवसरण होय.

x२३. समवसरणमां प्रभुनी त्रण प्रतिकृतिओ रचाय, जेथी प्रभु चतुर्मुख लागे.

२४. अशोकवृक्ष होय.

२५. कांटा ऊंधा थई जाय.

x२६. वृक्षो नमन करे.

x२७. दुन्दुभिनाद थाय.

२८. वायु सुखद होय.

x२९. पक्षीओ प्रदक्षिणा आपे.

३०. सुगन्धी पाणीनी वृष्टि थाय.

३१. पंच वर्णनां पुष्पोनी वृष्टि थाय.

३२. वाळ, दाढी, मूछ अने नख न वधे.

x३३. ओछामां ओछा १ करोड देवो भगवाननी सेवामां रहे.

३४. छए ऋतुओ इन्द्रियोना विषयोने अनुकूल रहे.

हवे आपणे समवायाङ्गमां ३४ अतिशयोनुं जे निरूपण छे तेनी प्रस्तुत प्ररूपणा साथे तुलना करीशुं अने त्यारबाद तेना फलितार्थो विशे विचारीशुं.

समवायाङ्गजीमां सौप्रथम अरिहन्तोना शरीर साथे सम्बन्धित ५ अतिशयो– पूर्वोक्त नं. ३२ अने नं. १-४ क्रमशः नोंधाया छे अने त्यारबाद तेओनी विभूति दर्शावनारा १५ अतिशयोनुं वर्णन छे.

६. आकाशमां वर्ततुं के प्रकाशमान[१] चक्र होय. (तुलना–पूर्वोक्त नं. १६)

७. आकाशमां वर्ततां के प्रकाशमान[१] त्रण छत्र होय. (नं. १९)

८. प्रकाशमान बे श्वेत चामर होय. (नं. १७)

९. आकाश जेवा स्वच्छ स्फटिक रत्ननुं पादपीठ साथेनुं सिंहासन होय. (नं.१८)

१०. अत्यन्त ऊंचो, नानी नानी हजारो पताकाओथी सुशोभित इन्द्रध्वज भगवाननी आगळ चाले. (नं. २०)

११. ज्यां ज्यां भगवान ऊभा रहे ते बेसे त्यां त्यां यक्षनिकायना[२] देवो पत्र, पुष्प अने पल्लवथी लची पडेलुं अने छत्र, ध्वजा, घण्टा तेमज पताकाओथी सुशोभित अशोकवृक्ष रचे छे. (नं. २४)

१२. मस्तकथी थोडाक पाछळना भागमां प्रभामण्डल सर्जाय छे के जे अन्धकारमां पण दशे दिशाओने प्रकाशित करे छे. (नं. ७)

१३. जमीन समतल अने रमणीय बनी जाय छे. (X)

१४. कांटा ऊंधा थइ जाय छे. (नं. २५)

१५. ऋतुओ अनुकूल बनी जाय छे. (नं. ३४)

---

१. अत्रे 'आगासगं' शब्दना आ बे अर्थो टीकामां सूचवाया छे.

२. अत्रे मूळमां 'जक्खा देवा' पाठ छे, तेने अनुसरीने आ अर्थ लख्यो छे, टीकाकार भगवन्ते तो 'तक्खणादेव' एवो पाठ स्वीकारीने 'तत्क्षणमेव' एवो अर्थ कर्यो छे.

१६. शीतल, सुखद अने सुरभित पवनथी चारे बाजुनी अेक योजन जेटली जमीन स्वच्छ थइ जाय छे. (नं. २८)

१७. झीणां फोरां वाळी वृष्टि द्वारा धूळ, रजकण व. दूर थइ जायछे.[१]

१८. जलज अने स्थलज, पांच वर्णना अने ऊर्ध्वमुख पुष्पोनो जानुप्रमाण ढगलो थाय छे. (नं. ३१)

१९. अमनोज्ञ शब्द, स्पर्श, रस, रूप अने गन्धनो अभाव थाय छे. (X)

२०. मनोज्ञ शब्द, स्पर्श, रस, रूप, अने गन्धनो प्रादुर्भाव थाय छे.२ (X)

त्यारबाद भगवानना अन्य व्यक्तिओ पर के प्रकृति पर प्रभाव दर्शावनारा १४ अतिशयो समवायाङ्गजीमां नोंधाया छे–

२१. भगवाननो स्वर हृदयाह्लादक अने योजनगामी होय.

२२. भगवान अर्धमागधी भाषामां देशना आपे.

२३. ते अर्धमागधी भाषा आर्य अने अनार्य मनुष्यो, पशु, पक्षी, सरीसृप– सर्वेने पोतानी हितकारी, कल्याणकारी अने सुखद भाषापणे परिणमे. (देशनाने लगता आ त्रणे अतिशयोनो समावेश अत्यारे एक ज अतिशयमां करवामां आवे छे. (जुओ नं. ६)

२४. पूर्वे जेओने वेर बंधायेलुं छे तेवा देवो, असुरो, नागकुमारो, सुपर्णकुमारो[३], यक्षो, राक्षसो, किंनरो, किंपुरुषो, गरुडो, गन्धर्वो अने महोरगो; अर्हत्ना चरणोमां प्रशान्त मन वाळा थइने धर्म सांभळे छे. (नं. ९)

२५. अन्यतीर्थिको पण भगवानने वन्दन करे छे.[४] (X)

२६. अन्यतीर्थिको भगवाननो प्रतिवाद नथी करी शकता[४]. (X)

---

१. टीकाकारे आ अतिशयने 'गन्धोदकवर्षा' अेवा नामे ओळखाव्यो छे.

२. टीकाकार जणावे छे के आ १९-२० अतिशय बृहद्वाचना मुजब छे. स्वसम्मत अतिशयो आ छे – १९. भगवान ज्यां बेसे ते स्थान कालागुरु व. धूपनी सुगन्धथी मघमघायमान बनी जाय छे. २०. भगवाननी बे बाजुअे बे यक्षो चामर ढाळे छे.

३. टीकाकार 'सुवण्ण'नो अर्थ 'ज्यौतिषिक' अने 'गरुल'नो अर्थ 'सुपर्णकुमार' करे छे.

४. टीकाकारे आ बे अतिशय माटे आवी नोंध करी छे – ''बृहद्वाचनायामिदमन्यदतिशयद्वयमभिधीयते'' पण आवी नोंध कर्या पछी अन्य वाचनामां आ बेनी जग्याअे शुं हतुं ते दर्शावता नथी.

२७. उपद्रव न थाय. (नं. १०)

२८. मारि न थाय. (नं. ११)

२९. पोताना देशनी राजसत्ता उपद्रवकारी न बने.

३०. अन्य देशनी राजसत्ता उपद्रवकारी न बने. (बन्ने मळीने नं. १५)

३१. अतिवृष्टि न थाय. (नं. १२)

३२. अनावृष्टि न थाय. (नं. १३)

३३. दुर्भिक्ष न पडे. (नं. १४)

३४. पूर्वे उद्भवेली व्याधिओ शीघ्र शान्त थइ जाय. (नं. ८)

उपरनी तुलना परथी जणाशे के अत्यारे वर्णवाता अतिशयोमांना ८ अतिशयो नं. ५, २१, २२, २३, २६, २७, २९ अने ३३ प्राचीनकाले (कम से कम समवायाङ्गनी वीर नि.सं. ९८०मां थयेली संकलना सुधी तो) ३४ अतिशयोमां नहोता ज गणावाता. आ अतिशयो ३४ अतिशयनी गणतरीमां क्यारे स्थान पाम्या ते निश्चितपणे तो कहेवुं मुश्केल छे, पण विक्रमनी ११मी सदी पछीना ग्रन्थोमां आ अतिशयोनुं जे रोचक वर्णन मळे छे ते जोतां आ प्रवृत्ति बहु वहेली चालु थई हशे ते अनुमानी शकाय छे. जोके विक्रमनी ११-१२मी सदी सुधी नवा नवा अतिशयो सर्जावानी प्रक्रिया चालु हती तेम श्री अभयदेवसूरिजीए १९-२०मा अतिशय तरीके दर्शावेली तद्दन नवी वातो परथी जाणी शकाय छे. तेओ स्वयं जणावे छे के ''एते च यदन्यथाऽपि दृश्यन्ते तन्मतान्तरमवगन्तव्यम् ।'' आनो संकेतार्थ ए होई शके के अर्हद्नी नवनवी विभूतिओ भक्ति-बहुमानपूर्वक कल्पवानी प्रक्रिया त्यारे पूरजोशमां चालु होय.

समवायाङ्गजीमां आ अतिशयोनुं कोई विभागीकरण नथी करवामां आव्युं. टीकाकार भगवन्ते २-५ अतिशयोने भवप्रत्ययिक, २१-३४ अने १२-प्रभामण्डलने कर्मक्षयजन्य अने शेष १५ने देवकृत गणाव्या छे. पाछळथी आ देवकृत अतिशयोनी संख्या वधारीने १९ करवामां आवी अने तेने लीधे केटलाक कर्मक्षयजन्य अतिशयोने कां तो भेगा करी देवामां आव्या कां तो बाकात करवामां आव्या.

आ समग्र सन्दर्भे विचारतां अेम लागे छे के आगमोनी रचनाकाले अर्हत्नुं वर्णन वास्तविकताने अनुलक्षीने थतुं हतुं, तेओने अन्य मनुष्यो-तीर्थप्रवर्तको करतां विशिष्ट कोटिना अवश्य जणावाता हता, तेओनी पासे देवोनुं आवागमन पण वर्णवातुं हतुं, पण अे बधुं अेक हद सुधी सीमित हतुं. पाछळथी जेम बौद्धादि अन्य परम्पराओनी जेम जैन परम्परामां पण तेवा देश-कालने अनुलक्षीने अर्हत्नुं चमत्कारिक वर्णन आरंभायुं होय. लौकिक, चमत्कारिक, वातो-वर्णनोथी अंजायेला लोकोने आवर्जवा माटे तेम करवुं जरूरी पण हशेज. आ वर्णन माटे अर्हत्नी विविध विलक्षण विभूतिओने ३४ अतिशयोमां स्थान आपवामां आव्युं, अेटलुं ज नहीं पण समावायाङ्ग जेवा आगममां आवा ३४ अतिशयो वर्णवाया छे अेम पण जणाववामां आव्युं.[१] केटलाक अतिशयोनुं समवायाङ्गमां जे स्वरूप हतुं तेना करतां घणुं जुदुं वर्णन, पण करवामां आव्युं. जेमके- इन्द्रध्वज के सिंहासनना वर्णनमां आवता 'आगासगं' शब्दनो अर्थ तद्दन जुदो हतो, (प्रकाशक) अेने बदले इन्द्रध्वज अने सिंहासन (आकाशगामी) आकाशमां अद्धर रहे छे' अेवो अर्थ करवामां आव्यो. मारि, दुर्भिक्ष व.ना निवारणनी मर्यादा २५ योजनथी वधारीने १२५ योजननी करवामां आवी. 'भगवाननी देशना बधा वेरझेर वीसरीने अेकसाथे सांभळे' अेवा अतिशयने स्थाने 'भगवानना स्थानथी १२५ योजन सुधी कोईने वेर-विरोध न रहे' अेवो अतिशय प्ररूपायो के जेनी महावीरस्वामीना जीवनमां बनेली केटलीये घटनाओ साथे विसंगति आवे छे.

अन्ते, श्वेताम्बर परम्परानी ३४ अतिशयनी प्ररूपणा साथे तुलना माटे दिगम्बर परम्पराने मान्य ३४ अतिशय तिलोयपण्णत्तिने आधारे जोइशुं.

**जन्मजात १० अतिशय**- १. स्वेदरहितता २. निर्मलशरीर ३. दूध जेवुं श्वेत रुधिर ४. वज्रऋषभनाराचसंघयण ५. समचतुरस्रसंस्थान ६. अनुपम रूप ७. नृपचम्पक जेवी उत्तम गन्ध ८. १००८ उत्तमलक्षण ९. अनन्त बल

---

१. ''चार अतिशय मूळथी, ओगणीश देवना कीध ।
कर्म खप्याथी अग्यार, चोत्रीश एम अतिशया समवायांगे प्रसिद्ध ।''
आ गाथामां वर्णवाया प्रमाणे समवायाङ्गजीमां अतिशयो न होवा छतां अेमने समवायाङ्गनी साखथी ज प्रमाणित कराय छे.

१०. हित, मित अने मधुर भाषण.

**कर्मक्षयजन्य ११ अतिशय**– ११. चारे दिशामां १०० योजन सुधी सुभिक्ष १२ आकाशगमन १३. हिंसानो अभाव १४. भोजननो अभाव १५. उपसर्गनो अभाव १६. बधानी सामे सन्मुखता १७. पडछायो न पडवो १८. निर्निमेष दृष्टि १९. विद्यासिद्धता २०. नख अने रोम न वधवा २१.१८ महाभाषा अने ७०० क्षुद्रभाषा युक्त दिव्यध्वनि.

देवकृत १३ अतिशय– २२. वनो फल फूलथी लची पडे २३. कांटा, रेती व. दूर करनारो सुखकारी पवन वाय छे. २४ वैरभावनो नाश थाय छे. २५. जमीन स्वच्छ अने रत्नमय बनी जाय छे. २६. मेघकुमारो सुगन्धि जलनो छंटकाव करे छे. २७. वैक्रिय सस्य देवो बनावे छे. २८. बधा ज जीवोने आनन्द थाय छे. २९. वायुकुमारो शीतल पवन चलावे छे. ३०. कूवा–तळाव निर्मल जलथी भराई जाय छे. ३१. आकाश निर्मळ थइ जाय छे. ३२. रोगो नाश पामे छे. ३३. यक्षेन्द्रोना मस्तक पर रहेला अने किरणोथी उज्ज्वल चार धर्मचक्रने जोइने लोकोने आश्चर्य थाय छे. ३४. भगवानना चारे तरफ ५६ सुवर्णकमल, १ पादपीठ तेमज विविध प्रकारनां पूजन द्रव्यो होय छे.

(जैनेन्द्रसिद्धान्तकोश–१, पृ. १३७)

—x—

## ( ३ )

# आदिनाथस्तव (ते धन्ना...) विशे

अनुसन्धान–२४, पृ. १–३मां 'ते धन्ना जेहिं दिट्ठो सि'नुं आवर्तन धरावतुं आदिनाथ प्रभुनुं अत्यन्त भाववाही स्तोत्र छपायुं छे. आ स्तोत्रने एक हस्तप्रत साथे मेळवी जोतां केटलाक पाठान्तरो मळ्या ते अत्रे नोंधवामां आवे छे.

* मुद्रित–वाचना अने हस्तप्रत–वाचनाना गाथाक्रममां ७मी गाथाथी नीचे मुजब भिन्नता छे.

| गाथा | मु.क्र. | ह.क्र. |
|---|---|---|
| रंजंतो वणराई | ७ | १० |
| नमिविनमी रायाणो | ८ | ७ |
| गयपुर सेयंसराइणो | ९ | ११ |
| अद्धतेरसकोडीओ | १० | १२ |
| छट्ठट्ठमदसमदुवालसेहिं | ११ | ८ |
| लंबंतबाहुजुयलो | १२ | ९ |
| तह पुरिमतालनयरे | १३ | १३ |
| पउमेसु ठविअचलणो | १४ | १४ |
| तिअसासुरमज्झगओ | १५ | १५ |
| ते धन्ना कयपुन्ना | १६ | १९ |
| धन्नेहिं तुमं दीससि | १७ | २० |
| मिच्छत्ततिमिरवामो. | १८ | १६ |
| अट्ठावयंमि सेले | १९ | १८ |

* हस्तप्रत-वाचनामां बे गाथा वधारे छे.*

गाथा-१७ - ''बंधवरहियाण पुणो, सरणविहीणाण देहतवियाण ।
जक्खाहि पीडियाणं, जिणिंदवरसासणं सरणं ॥''

गाथा २१-

''दिट्ठो सि जेहिं सामिय जेण न दिट्ठो सि तिहुयणाणंदो ।
ताण भवकोडिदुलहो मणुअभवो निप्फलो जाउ ॥''

ˣमुद्रित-वाचनानी वीसमी गाथामां बे गाथानां चरणोनी भेळसेळ थइ गइ छे. हस्तप्रतमां नीचे मुजब पाठ छे :

''इअ चवण-जम्म-निक्खमण-नाण-निव्वाणकालसमयंमि ।
जेहिं सयं चिय दिट्ठो ते धन्न सुपुन्नया पुरिसा ॥
इय संथुओ सि जिणवर ! दढमूढअयाणएण हियएण ।
तं कुणसु नाभिनंदण ! पुणो वि जिणसासणे बोही(हिं) ॥''

---

* जो के आ बन्ने गाथा पाछळथी उमेराई होवानो सम्भव छे.

ˣआ पाठ प्रमाणे एनी पहेलाना 'सुमंगलासुनंदाए'ने सामासिक पद गणवुं पडे.

* केटलांक पाठान्तरो –

| गाथाक्र. ( मुद्रित ) | मु.वा. | ह.वा. |
|---|---|---|
| १ | बालत्तणिंमि | बालत्तणंमि |
| २ | देवी | देवीइ* |
| ३ | तिअसलोगंमि | तिअसलोगेहिं |
| | मिहुणनरेहिं | मिहुणेहिं पुणो |
| ४ | जगग्गुरू | जगगुरू |
| | ०महिम० | ०महम० |
| ५ | सिबिअविमाणारूढो | सिबियाविमाणरूढो |
| | दिक्खसमयंमि | दिक्खकालंमि |
| | सिद्धत्थवणं | सिद्धत्थवणे |
| ७ | ते धन्ना | वनवासे |
| ८ | तह | तुह |
| | नाहमल्लीणा | देव ! संलीणा |
| | वंछियरिद्धिं | इच्छियरिद्धिं |
| | ते धन्ना जेहिं दिट्ठो सि | गरुआण न निप्फला सेवा |
| ९ | गयपुर सेयंसराइणो | गयपुरनयरे सिज्जंसरायणो |
| | विहरंतो | पारंतो |
| १० | ०कोडीओ मुक्का सुर० | ०कोडी मुक्का उ सुर० |
| ११ | तवंतो | चरंतो |
| १३ | ०महिमा गहिओ | ०महिमाइ गओ |
| १४ | पउमेसु ठविअचलणो | पउमे चलण ठवंतो |
| | ते धन्ना | विहरंतो |
| १६ | कयपुन्ना | सुकयत्था |
| | केवल(ल्ल?)नाणसमये | केवलनाणसमग्गो |
| १७ | अहन्नेहिं | अहम्मेहिं |

| | | |
|---|---|---|
| १८ | जयनाह | ईय नाह |
| | उम्मीलीऊण | उमि(म्मि)ल्लिऊण |
| १९ | चउदसभत्तेण मुक्खमणुपत्तो | दसहिं सहस्सेहिं समणसहिओ |
| | दसहि सहस्सेहि समं | निव्वाणगमणकाले |
| २० | ०अयाणेण भत्तिए | ०अयाणएण हियएण |

आमां घणे ठेकाणे मुद्रित पाठ करतां हस्तप्रतनो पाठ वधु उपयुक्त छे. पण सम्भव छे के मुद्रितवाचना ए मूळ वाचना होय अने मूळ वाचनामां पाछळथी उचित फेरफार करवामां आव्या होय अने हस्तप्रत ए परिवर्तित वाचना धरावती होय.